Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



સ્વાર્થ પોતા તણો ત્યાગી તત્પર રહે પરહિતે જે સદા સજ્જનો તે;
સ્વાર્થ જે જાળવી પરહિતે ઉદ્યમી માન સામાન્ય પુરૂષો ખરે તે;
સ્વાર્થ કાજ પરહિત હણે જે નરો માનવો તે નહિ દાનવો તે,
પણ વૃથા જે કરે બુરૂ પરતું કહો નામ તે નીચને કયું ઘટે છે?


પુસ્તક : ૯૧ 卐 અંક : ૨-૩-૪

માગશર-પોષ-મહા 卐 જાન્યુ.-ફેબ્રુ.-માર્ચ ૯૪

આત્મ સંવત : ૯૮
વીર સંવત : ૨૫૨૦
વિક્રમ સંવત : ૨૦૫૦


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શ્રી અવંતી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન | હિંમતલાલ અનોપચંદ મોતીવાળા (સંકલન) | ૧૭ |
| ૨ | આસક્તિનો અંજામ | પૂ. પં. શ્રી પૂર્ણાનંદવિજયજી | ૧૯ |
| ૩ | પ.પૂ.સા. શ્રી મનોહરશ્રીજી (બા મહારાજ)ના ૧૦૦મા વર્ષના પ્રવેશ પ્રસંગે.... | હિંમતલાલ અનોપચંદ મોતીવાળા | ૨૨ |
| ૪ | પૂ. આચાર્યદેવ વિજય ઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજની પધરામણી.... | — | ૨૪ |
| ૫ | શ્રી જૈન આત્માનંદ સભાના શતાબ્દી મહોત્સવ પ્રારંભ સાથે પૂ. આ. શ્રી વિજય ઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં સંક્રાન્તી મહોત્સવ | હિંમતલાલ અનોપચંદ મોતીવાળા | ૨૫ |
| ૬ | આત્માને–ચેતનને ચેતવણી (કાવ્ય) | રાયચંદ મગનલાલ શાહ | ૨૮ |
| ૭ | ધન પર ધર્મનો અંકુશ જરૂરી | — | ૨૯ |
| ૮ | ભારતમાં સેવા પ્રવૃત્તિ કરવાની અમેરિકાના જૈન સમાજની ધગશ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૩૦ |


**આ સભાના નવા આજીવન સભ્યશ્રીઓ...**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી રસીકલાલ તલકચંદ વોરા | ભાવનગર |
| ૨. | ,, ભાસ્કરભાઈ વૃજલાલ વકીલ | ,, |
| ૩. | ,, વિમળાબેન વિનયચંદ શાહ | ,, |
| ૪. | ,, કનૈયાલાલ નાગરદાસ શાહ (ત્રાપજવાળા) | ,, |
| ૫. | ,, ભૂપતરાય નગીનદાસ શાહ | ,, |

(અનુસંધાન પેઈજ ૩૨ ઉપર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ સહતંત્રીઓ : શ્રી હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
શ્રી નગીનદાસ હરજીવનદાસ શાહ



## અવંતી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન

જોને પ્રાણી અવંતી પારસનાથ જો,
શીવપુરી જાવા સુંદર છે સંગાથ જો;
જગમાં જોતાં એહવો, સાથી નહીં મળે જો. ૧

નહીં મળે તો હોશે બુરા હાલ જો,
તે માટે કહું છું આણી બહુ વહાલ જો;
ઉત્પતિ કહું તેહની તે સાંભળો જો. ૨

સાંભળવાથી થાશે સુંદર ખ્યાલ જો.
અવંતિમાં થયા અવંતિ સુકુમાર જો;
અણસણ કરી ગયા નલીની - ગુલ્મ વિમાનમાં જો. ૩

વિમાન જેવું કર્યું દેવળ તસ બાલે જો,
પાર્શ્વનાથ ભગવાન તણું મહાકાલ જો;
બાપને નામે તીર્થ તિહાં પ્રગટ થયું જો. ૪

પ્રગટ થયો બ્રાહ્મણમાં તવ અન્યાય જો,
મૂર્તિ દબાવી મહાદેવ દીવા ઠાયજો;
સિદ્ધસેન દિવાકરજી તિહાં આવી ચઢયા જો. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી ચડયા દેવળમાં તવ ભૂપાળ જો,
વિક્રમ નામે પ્રજા તણો પ્રતિપાલ જો;
સર્વજ્ઞ પુત્ર બિરૂદ ધારી સૂરિ દેખીયા જો. ૬

દેખીયા કે ઉપન્યો એહ સવાલ જો,
નમતા નથી કેમ મહાદેવ મહાકાલ જો;
તબ અવધુત રૂપ ધારી એમ ઉચ્ચારે જો. ૭

ઉચ્ચરે મુજ નમસ્કાર તુજ દેવ જો,
ફાટી પડશે, ખેદ થશે તત્ ખેવજો;
તો રાજા કહે ફાટવાદ્યો કરો વંદના જો. ૮

વંદન કરૂં છું રાજા થા સાવધાન જો,
એમ કરી તે બત્રીસીનું વિધાનજો;
તથા 'કલ્યાણ મંદિર' થી પ્રભુ સત્વના કરી જો. ૯

સ્તવના કરી કે નીકળ્યું તેજ અપાર જો,
પાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ થઇ સાર જો;
તે દેખી રાજા કહે કોણ એ દેવ છે જો. ૧૦

દેવની કહી ગુરૂ એ વાત તમામ જો,
તે સાંભળી પૂજા માટે સો (૧૦૦) ગામ જો;
આપી રાજા થયો બાર વ્રતધારી જો. ૧૧

વ્રતધારી શ્રાવક થઇને બહુમાન જો,
દેવ ગુરૂના અતિ કર્યા ગુણ ગાન જો;
સંઘવિ થયો મોટો શ્રી સિદ્ધાચલ તણો જો. ૧૨

સિદ્ધાચલમાં સૂરિવરના ધાર જો,
આત્મારામજી શિષ્ય સકળ શણગાર જો;
લક્ષ્મી વિજય શિષ્ય હંસ પ્રભુ પ્રણમે મુદા જો. ૧૩

શ્રી અવંતી પાર્શ્વનાથ પ્રભુની ઉત્પતિ અને રાજા વિક્રમને જૈન ધર્મ સ્વીકારવા માટે આલંબન સિદ્ધસેન દિવાકર સૂરીજી દ્વારા પ્રાપ્ત થયા અને આ પ્રસંગે "કલ્યાણ મંદિર" સ્તોત્રથી રચના થઇ; આ સ્તવન પ. પૂ. વિજયાનંદ સૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજ સાહેબના શિષ્યરત્ન પૂ. લક્ષ્મી વિજયજી મહારાજ સાહેબના શિષ્ય પૂ. હંસવિજયજી મહારાજ સાહેબે રચેલ છે.

સંકલન : **હિંમતલાલ અનોપચંદ** મોતીવાળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આસક્તિનો અંજામ

શીલધર્મની કથાઓ : ભા-૩ માંથી....

લેખક : પૂ. પં. શ્રી પૂર્ણાનન્દવિજયજી મ. સાહેબ ( કુમારશ્રમણ )

વિપુલધન, અપાર સંપત્તિ અને વૈભવનાં અનેક સાધનો હોવા છતાં, ચંપાનગરીના માકંદી સાર્થવાહ પાસે તેના બે પુત્રો જિનપાલિત અને જિનરક્ષિતે જ્યારે દરિયાઈ સફરે જવાની રજા માગી, ત્યારે પિતાએ પુત્રોને સમજાવતા કહ્યું: 'ધનનો લોભ માનવીને અયોગ્ય માર્ગે ખેંચી જાય છે. જે અઢળક ધન આપણે એકઠું કર્યું છે, તેમાં હવે વધારો કરવાને બદલે તેનો સદ્‌ઉપયોગ થાય એવું આપણે કરવું જોઇએ. ધનમાં સુખની કલ્પના કરી, ઇન્દ્રિયજન્ય ભોગોની પ્રાપ્તિ માટે માનવી તેની પાછળ ગાંડાની માફક દોટ મૂકે છે, પરંતુ મોટા ભાગે એ જ ધન માનવીનાં દુઃખનું કારણ બને છે. જ્ઞાની પુરુષોએ પદાર્થોના ભોગમાં સુખ નથી જોયું, પણ તેના ત્યાગમાં સુખ અનુભવ્યું છે. તેથી જ તો કહેવાય છે કે ત્યાગાત્ શાંતિઃ ત્યાગ વડે જ શાંતિ પ્રાપ્ત કરી શકાય છે.'

યૌવનના મદમાં અને ધનના લોભમાં બંને ભાઈઓને પિતાનો ઉપદેશ ન રુચ્યો, અને તરતમાં પાછા ફરવાનું વચન આપી ધરાર તેઓ સમુદ્રની સફરે નીકળી પડયા. થોડા દિવસો બાદ સમુદ્રમાં ભયંકર તોફાન થયું, વહાણ તૂટી ગયું, બંને ભાઈઓ તૂટેલા વહાણના એક પાટીયાની મદદથી તરતાં તરતાં મહામુશ્કેલીએ રત્નદ્વીપ નામના એક ટાપુમાં જઇ પહોંચ્યા. દ્વીપ પર બંને ભાઈઓ ફર્યા, પણ ત્યાં કોઇ માનવીનું નામ નિશાન ન હતું. થોડે દૂર એક ભવ્ય મહેલ હતો, એટલે બંને ભાઇઓ ત્યાં પહોંચી ગયા.

એ મહેલમાં રત્નદ્વીપની યૌવન મસ્ત રૂપ-રૂપથી ભરેલી એક દેવી રહેતી હતી. બંને ભાઇઓને જોઇ, એ દેવીએ તેમને ઉપર બોલાવ્યા અને વગર રજાએ દ્વીપ પર આવવા માટે ધમકાવ્યા. બંને ભાઇઓએ પોતાની કથની કહી સંભળાવી, એટલે દેવીએ પ્રસન્નતાપૂર્વક કહ્યું: 'હું તમારા બંને પર પ્રસન્ન થઇ છું', એટલે મારી સાથે અહિં રહીને ભોગ ભોગવવાની જો હા પાડશો તો હું તમને દરેક રીતે સુખી કરીશ અને ના પાડશો તો તમારી હત્યા કરી નાખીશ'.

બંને ભાઇઓ માટે આ જીવન મરણનો પ્રશ્ન હતો. દેવીની આજ્ઞા સ્વીકારવી અગર તો મરણને આધીન થવું, એ સિવાય બીજો કોઇ માર્ગ ન હતો. દેવીના ભોક્તા બનવાની સામેથી આવતી તક શા માટે જવા દેવી? એમ વિચારી બંને ભાઈઓએ દેવીની આજ્ઞાનો સ્વીકાર કર્યો, અને તેઓ મહેલમાં રહી યથેચ્છ પ્રકારે સ્વર્ગીય સુખો ભોગવવા લાગ્યા. દુઃખ અને વ્યાધિઓથી માણસ જેમ કંટાળી જાય છે, તેમ નિરંતર એક ધારા સુખ અને વૈભવથી પણ જીવન બોજારૂપ બની જાય છે. તેથી જ જગતમાં જે દેશનો વૈભવ અને સમૃદ્ધિ વધુમાં વધુ જોવામાં આવે છે, તે દેશની વસ્તીમાં ગાંડપણ અને રોગોનું પ્રમાણ પણ વધુમાં વધુ હોય છે.

બંને ભાઇઓ અને દેવી વચ્ચેનો સંબંધ જો કે પતિ-પત્નિ માફકનો હતો, પણ એ સંબંધના મૂળમાં મુખ્યત્વે પ્રેમ નહિ પણ માત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામવાસનાની તૃપ્તિ હતી. ભયથી પ્રેમ નથી થઇ શકતો, પ્રેમનો દંભ થઇ શકે. પ્રેમ માટે તો સમર્પણ-ત્યાગની ભાવના જોઇએ, પણ અહિં માત્ર દેહની આપ-લે સિવાય કોઈ અન્ય તત્ત્વ ન હતું. બાહ્યદૃષ્ટિએ બંને ભાઈઓ દેવીના પતિ હતા પણ વાસ્તવિક દૃષ્ટિએ તો દેવીના હુકમનું પાલન કરનારા નિરાધાર ગુલામો હતા. જે ઘેટાને મારી નાખવાનો હોય તેને કસાઇ જેમ ખૂબ ખવરાવે પીવરાવે છે, તેમ આ દેવી પણ નવયુવાનોને પકડી, તેમને મસ્ત રાખી તેમની મારફત પોતાની અતૃપ્ત કામવાસના તૃપ્ત કરતી. અને શક્તિહીન થતાં એ નવયુવાનોને ક્રૂર રીતે મારી નાખી નવા નવા શિકારો શોધતી.

થોડા દિવસો બાદ, એ દેવીને દેવોની આજ્ઞાનુસાર લવણ સમુદ્રમાં કામે જવું પડયું. એ વખતે બંને ભાઇઓને બોલાવી કહ્યું : 'મારી ગેરહાજરીમાં આ બેટ પર જ્યાં ફરવાની ઇચ્છા થાય ત્યાં ફરજો. પણ માત્ર દક્ષિણ દિશાનાં અંધેર વન ખંડ તરફ ન જતાં, કારણ કે ત્યાં દૃષ્ટિવિષ સર્પો રહે છે, અને તેને જોવા માત્રથી માનવીના પ્રાણ ચાલ્યા જાય છે.'

દેવીનાં બંધનમાંથી થોડા વખત માટે મુક્ત થતા બંને ભાઈઓ રાજી થયા, અને જેલરૂપી આ દ્વીપમાંથી કાયમ માટે મુક્ત થવા શું કરવું જોઇએ તે વિચારવા લાગ્યા. દક્ષિણ દિશામાં ન જવા માટે દેવીની આજ્ઞામાં કાંઇ છૂપો ઉદ્દેશ હોવો જોઇએ, એમ વિચારી બંને ભાઈઓ સૌથી પ્રથમ તો અંધેર વનખંડ જોવા નીકળી પડયા.

દક્ષિણ દિશાના અંધેર વનખંડમાં જઇને તેઓએ જે જોયું તેથી તેઓ સ્તબ્ધ થઇ ગયા. તેઓએ ત્યાં કેટલાએ મૃત માનવીઓના દેહ જેમ તેમ પડેલા જોયાં અને શૂળીમાં પરોવેલા એક માણસને છેલ્લા શ્વાસોચ્છવાસ લેતો જોયો. કુતૂહલથી તેની પાસે જઇ તેઓએ પૂછયું : "હે ભાઇ! તારી આ કરૂણ પરિસ્થિતિ શા કારણે થઇ? અમારે આ રત્નદ્વીપ છોડીને જવું હોય તો શું કરવું? એ મહેરબાની કરીને કહે."

પેલા માણસે કષ્ટ પૂર્વક શ્વાસ લેતા જવાબ આપ્યો : "હે ભાઇઓ! આ રત્નદ્વીપની તમામ સત્તા પેલી દેવીના સ્વરૂપમાં રહેલી ડાકણની છે, મુસાફરીમાં એક વખત મારૂં વહાણ તુટી ગયું, અને એક લાકડાંના પાટિયાના આધારે મારા કમભાગ્યે આ દ્વીપમાં આવી ચડયો. આ દેવીએ મને તેની સાથે તેના પતિ તરીકે રાખ્યો અને તેની સાથે સ્વર્ગીય સુખો ભોગવતાં ભોગવતાં મારો દેહ ક્ષીણ થયો. એટલે તેણે મારી આ હાલત કરી. બહુ મોડે મોડે ખબર પડી કે મારી જેવા માર્ગ ભૂલેલાં કેટલાએ મુસાફરોની આ દેવીએ આવી જ હાલત કરી છે. વસૂકી ગયેલી ગાય ભેંસોને તેના માલિક જેમ કસાઈખાને વેચી દે છે, તેમ નિર્વીર્ય બની ગયેલાં માણસોને આ દેવી મૃત્યુના મોંમાં ધકેલી દે છે. આ વનખંડમાં શૈલક નામનો યક્ષ ચૌદસ, આઠમ, અમાસ અને પૂનમના દિવસે આવે છે તેની પૂજા કરો તો તે તમને સુરક્ષિત સ્થળે પહોંચાડવામાં મદદ કરશે."

આટલું કહી પેલો માણસ તો ત્યાં ને ત્યાં જ મરણને શરણ થયો. આ બધું સાંભળી બંને ભાઇઓ ભયથી કંપવા લાગ્યા. પછી પૂર્વ દિશામાં જઇ શૈલક યક્ષની સેવાપૂજા કરવા લાગ્યા. શૈલક યક્ષ તેમના પર પ્રસન્ન થયો, એટલે બંને ભાઇઓએ તેને ચંપાનગરી પહોંચાડવા વિનંતિ કરી. યક્ષે બંને ભાઇઓને કહ્યું: 'ઘોડાનું રૂપ ધારણ કરી તમોને મારી પીઠ પર બેસાડી ચંપાનગરી પહોંચાડીશ, પરંતુ આ દ્વીપની દેવીને અવધિજ્ઞાનની મદદથી ખરી હકીકતની જાણ થતાં તમારી પાછળ આવી તમને લલચાવશે અને આસક્તિને વશ થઇ જો પાછળ ફરી તેની સામે દૃષ્ટિ કરશો, તો તે જ વખતે મારી પીઠ પરથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમે સમુદ્રમાં જઇ પડશો અને એ દેવી ત્યાં જ તમારો સંહાર કરી નાખશે.'

બંને ભાઇઓએ કોઇપણ સંજોગોમાં દેવી સામે ન જોવાની ખાતરી આપી, એટલે યક્ષે ઘોડાનું સ્વરૂપ ધારણ કરી બંને ભાઇઓને પોતાની પીઠ પર બેસાડ્યા અને સમુદ્રમાં મુસાફરી શરૂ કરી. જરા દૂર ગયા તેટલામાં તો પેલી દેવી યક્ષની પાછળ દોડતી આવી અને શૃંગાર યુક્ત હાવભાવથી દયાર્દ્રભાવે બંને ભાઇઓને લલચાવવા લાગી. સ્ત્રી જાતિમાં પુરૂષની નબળાઈ પારખવાની અદ્ભુત શક્તિ રહેલી છે. વરસોના વરસો સુધી પતિદેવ પત્નિના સહવાસમાં રહેવા છતાં પત્નિને સમજવામાં ભૂલ કરી બેસે છે, ત્યારે સ્ત્રી તો પ્રથમ દૃષ્ટિએ જ પુરુષની નબળાઇને પારખી લે છે. બંને ભાઇઓને લલચાવવામાં નિષ્ફળ જતાં જિનરક્ષિતની નબળાઇ સમજનારી દેવીએ યુક્તિપૂર્વક કહ્યું : 'હે જિનરક્ષિત! જિનપાલિતને નહિ પણ હું તો તને જ પ્રેમ કરતી હતી અને તારા વિના મારા પ્રાણ ટકી શકશે નહિ જો તું મારી સામે નહિ જુવે તો આ સમુદ્રમાં જ મારા પ્રાણ ત્યજી દઇશ અને તને સ્ત્રી હત્યાનું પાપ લાગશે.'

આસક્તિને ઓળખવી અને તેના ભોગ ન બનવું એ ભારે કઠિન છે. ચકોર અને ચાલાક સ્ત્રી જેમ પોતાના પતિને પંગુ બનાવી દે છે, તેમ મસ્તાન ઇન્દ્રિયો સામે મન નૈતિક હિંમત દાખવી શકતું નથી, અને પછી તો ઇચ્છાએ કે અનિચ્છાએ પત્નીઓની રૂપ ઇન્દ્રિયોને વશ થઇ જવું પડે છે. આસક્તિને વશ થઇ દેવી સામે જિનરક્ષિતે જોયું, કે તરત જ ઘોડારૂપી યક્ષ પરથી તે સમુદ્રમાં ધકેલાઇ ગયો, અને દેવીએ તેને પોતાની તલવાર ઉપર અદ્ધર ઝીલી લીધો. જિનરક્ષિત ત્યાં ને ત્યાં જ વીંધાઇ ગયો. જિનપાલિત આસક્તિને વશ ન જ થયો અને સહિસલામત ચંપાનગરી પહોંચી શકયો.


આ સંસારના તમામ કામભોગો આ કથામાંની દેવી જેવા છે. કામભોગો ભોગવતી વખતે તો મોહક લાગે છે, પણ અંતે તેનાં પરિણામ પેલા શૂળીમાં પરોવાયેલા માણસ જેવા વિષમ જ આવે છે. કામભોગની ઇચ્છા કરનારો માણસ વાસ્તવિક રીતે તો રોગ અને સત્યાનાશની જ ઇચ્છા કરતો હોય છે. અહિંસા, સંયમ અને તપ પેલા યક્ષ જેવા છે, અને માનવીને મુક્તિના પંથે લઇ જવામાં તેઓ મદદગાર થાય છે.

આસક્તિને વશ થઇ સંયમમાંથી ચ્યુત થનાર સાધકના હાલ જિનરક્ષિત જેવા થાય છે. કથાનો સાર એ છે કે જિનરક્ષિતની જેમ જે સાધુ કે સાધ્વી સંયમ-ત્યાગ-તપના માર્ગે પડ્યા પછી, ફરી કામભોગ સેવે અગર તેની માત્ર ઇચ્છા કરે, તો પણ આ ભવમાં નિંદાપાત્ર બને છે અને જન્મ-મરણના ચક્કરમાં ફસાય છે. પરંતુ જિનપાલિત જેમ આસક્તિને વશ ન થતાં પોતાના નિર્ધારિત સ્થાને સહિસલામત પહોંચી ગયો તેમ જે સાધુ કે સાધ્વી સંયમનો માર્ગ પકડ્યા પછી કામભોગનું સેવન કે ઇચ્છા નથી કરતાં અને શુદ્ધ ચારિત્ર પાળે છે, તે આ ભવમાં સૌનાં સ્તુતિપાત્ર બને છે અને અંતે નિર્વાણના અધિકારી થાય છે. જેમ જેમ લાભ થાય છે, તેમ તેમ લોભ પણ વધતો જાય છે, પરંતુ લોભને વશ થઇ વધુ અને વધુ દ્રવ્ય એકઠું કરવા જનારના શા હાલ થાય છે તે પણ આ કથામાંથી સમજવાનું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





# પરમ પૂજય સાધ્વીજી મહારાજ સાહેબ મનોહરશ્રીજી ( બા મહારાજ ) ના ૧૦૦ મા વર્ષના પ્રવેશ પ્રસંગે....

હિંમતલાલ અનોપચંદ-મોતીવાળા

પ્રાતઃ સ્મરણીય પરમ પૂજ્ય આગમ પ્રજ્ઞ મુનીરાજ શ્રી જંબુવિજયજી મહારાજ સાહેબના સંસારી માતુશ્રી હાલ સાધ્વીજી મહારાજ મનોહરશ્રીજી મહારાજે ૧૦૦ માં વર્ષમાં સં. ૨૦૫૦ માગશર વદ ૨ ગુરૂવાર તા. ૩૦-૧૨-૯૩ ના રોજ પ્રવેશ કર્યો તે પ્રસંગે શ્રી ઝીંઝુવાડા જૈન સંઘ તરફથી પંચાહ્નિકા ઉત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો.

પ. પૂ. આગમ પ્રજ્ઞ જંબુવિજયજી મહારાજ સાહેબ આદિ મુની ભગવંતો તથા પ.પૂ સાધ્વીજી મહારાજ મનોહરશ્રીજી આદિ સાધ્વીજી મહારાજ સાહેબે ચાલુ સાલે ચાતુર્માસ ઝીંઝુવાડામાં રૂડી આરાધનાઓ કરાવી સુખ શાતા પુર્વક શ્રી સંઘના આગ્રહથી ઝીંઝુવાડા સ્થિરતા કરી હતી. તેઓશ્રીનો જન્મ દિન માગશર વદ ૨ અને તે પણ ૧૦૦મા વર્ષમાં પ્રવેશ.... આવો મંગલકારી દિવસ નજીકમાં આવતો હોવાથી ભવ્ય રીતે ઝીંઝુવાડા સંઘના અગ્રેસરોની ઉજવવાની ઉત્કટ ભાવનાને માન આપી ઝીંઝુવાડા સ્થીરતા સ્વીકારી.

પ. પૂ. સાધ્વીજી મહારાજનો જન્મ પણ આ પુનીત ઝીંઝુવાડા ગામમાં શ્રેષ્ઠીવર્ય શ્રી પોપટલાલ ભાઇચંદભાઇના ઘરે ધર્મપરાયણ બેનીબેનની કુક્ષીએ **૧૯૫૦ માગશર વદ ૨**ના થયો. તેઓશ્રીનું સંસારી નામ મણીબેન હતુ.

પૂજ્ય મણીબેન બચપણથી તેમના માતુશ્રીએ આપેલ ધર્મ સંસ્કારથી સંપૂર્ણ સભર હતા. તેઓશ્રીના લગ્ન શેઠ મોહનલાલ જોઇતારામના સુપુત્ર ભોગીલાલભાઇ ( પાછળથી મુનીરાજ શ્રી ભુવનવિજયજી ) સાથે થયું હતું.

શ્રી ભોગીલાલભાઇના માતુશ્રી ડાહીબેન પણ પરમ ધાર્મિક સંસ્કારવાળા હતા. તેમના ઉત્તમ સંસ્કાર શ્રી ભોગીલાલભાઇમાં ઉતર્યા. વિ. સં. ૧૯૭૯ મહા શુદ ૧ ના દિવસે તેમને ત્યાં એક પુત્ર રત્નની પ્રાપ્ત થઇ, જે હાલ આગમપ્રજ્ઞ મુનીરાજ શ્રી જંબુવિજયજી.... ત્યારબાદ ફક્ત ચાર જ વર્ષમાં બત્રીશ વર્ષની ભર યુવાન વયે પૂ. શ્રી ભોગીલાલભાઇએ તથા પૂ. શ્રી મણીબેને, સર્વ પ્રકારે સાધન સંપન્નતા, અનુકુળ વાતાવરણ બધાજ સંસારીક ઉત્તમ સાધનોને ત્યજવા યોગ્ય ગણી આજીવન " બ્રહ્મચર્ય વ્રત " અંગીકાર કર્યું.

આંતરીક અભિરૂચિ, ઘરનું ધાર્મિક વાતાવરણ, સદ્‌ગુરૂ આદિના સતત્ સંસર્ગ અને પ્રેરણાના પરીણામે પૂ.શ્રી ભોગીલાલભાઇનો પ્રભુ-ભક્તિ, ધાર્મિક આચરણ, તપ-જપ આદિ તરફ ઝોક વધતો ચાલ્યો. શ્રી સિદ્ધાચલજીની નવાણુ યાત્રા તથા બીજા અનેક તીર્થોની યાત્રા કરી જેના પરીણામે પ્રવ્રજ્યા સ્વીકારવા તરફ મન દ્રઢ થયું.

પરમ પૂજ્ય આચાર્ય દેવેશ શ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી દાદાના પટ્ટાલંકાર પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયમેઘસુરીશ્વરજી મહારાજના શિષ્ય તરીકે શ્રી ભોગીલાલભાઇએ દિક્ષા ગ્રહણ કરી અને મુની શ્રી ભુવનવિજયજી બન્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંયમી જીવનમાં મુનીરાજ શ્રી ભુવનવિજયજી મહારાજ સાહેબે નિરતિચારપણે અપ્રમત્ત ભાવે જ્ઞાનોપાસના કરતાં ' દ્રવ્યાનુયોગ ' કર્મ સાહિત્ય આદિ તથા ૪૫ આગમોનું ટીકા સાથે વાંચન મનન કર્યું. કેટલાક આગમોનું અનેક વખત વાંચન-મનન કર્યું.

## પૂ. શ્રી જંબુવિજયજી મહારાજ



સંવત ૧૯૯૩માં તેમના સંસારી પુત્રએ ફક્ત ૧૫ વર્ષની કિશોર વયે સંસારી પિતાશ્રી મુની શ્રી ભુવનવિજયજી મહારાજ સાહેબ પાસે ભાગવતી દિક્ષા અંગીકાર કરી મુની શ્રી જંબુવિજયજી બન્યા.

સંવત ૧૯૯૫ વૈશાખ શુદ ૧૩ ના મંગળ દિને પુ. મણીબેન કે જેઓ પ. પૂ. આગમપ્રજ્ઞ મુનીરાજ શ્રી જંબુવિજયજીના સંસારી માતુશ્રીએ પણ દિક્ષા અંગીકાર કરી કે જેઓએ સં. ૨૦૫૦ માગશર વદ ૨ તા.૩૦-૧૨-૯૩ના રોજ ૧૦૦માં વર્ષમાં પ્રવેશ કર્યો છે અને આજ પર્યંત નિરતિચારપણે ચારિત્ર પાળી રહ્યા છે.

આ પુણ્યાત્મા પ. પૂ. સાધ્વીજી મહારાજનો ૧૦૦ મો જન્મ દિન ઝીંઝુવાડા સંઘે પરમ ઉલ્લાસ સાથે પ. પૂ. આગમપ્રજ્ઞ મુનીરાજ શ્રી જંબુવિજયજીની તારક નિશ્રામાં ગુજરાત વિધાન સભાના અધ્યક્ષ શ્રી હિંમતલાલભાઇ મુલાણી તથા ભારતના સમસ્ત જૈન સંઘોના આગેવાન શ્રી શ્રેણીકભાઇ કસ્તુરભાઇ તથા અનેક આગેવાનોની ઉપસ્થીતીમાં ઉજવાયો....

આ પ્રસંગ સાથે અથાગ પરીશ્રમ લઈને પ. પૂ. આગમપ્રજ્ઞ મુનીરાજ શ્રી જંબુવિજયજીએ ઝીંઝુવાડા નગરે તાડપત્ર ઉપર લખાયેલ ૨૪ પ્રતીઓને આધારે સંશોધિત-સંપાદિત કરેલા કલીકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્ર-સૂરીશ્વરજી મહારાજે રચેલા સ્વોપજ્ઞ લઘુવૃત્તિ સહિત " શ્રી સિદ્ધ હેમચંદ્ર શબ્દાનુશાસન "નું વિમોચન શેઠ શ્રી શ્રેણીકભાઇ કસ્તુરભાઇ લાલભાઇના વરદ્ હસ્તે ગુજરાત વિધાન સભાના અધ્યક્ષ માનનીય શ્રી હિંમતલાલ મુલાણીની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું.

આ ગ્રંથની ભવ્ય શોભાયાત્રા હાથીની અંબાડી ઉપર પધરાવી નગરમાં ફેરવી આ મહા ગ્રંથનું બહુમાન કરવામાં આવેલ.

સાથે સાથે ઝીંઝુવાડા નગરના શણગાર સ્વરૂપ સ્વ. શેઠ બાબુલાલ કુબેરદાસ ગાંધીના સુપુત્રો શ્રી નવીનભાઇ, ધર્મેન્દ્રભાઇ, ભુપેન્દ્રભાઇ તથા તેમના માતુશ્રી કંચનબહેનને શ્રી ઝીંઝુવાડા સંઘે માનપત્રથી સન્માનીત કરેલ.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પૂ. આચાર્યદેવની પધરામણી

પૂ.આચાર્યદેવ શ્રી વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ મુની ભગવંતો તા. ૬–૧–૯૪ રવીવારે બપોરે શ્રી જૈન આત્માનંદ સભામાં પધાર્યા હતા.

સભાનું વિશાળ ભુવન જોઈ રસ્તામાંથી જ ખુબ પ્રસન્નતા સાથે સભામાં પ્રવેશ કર્યો. પહેલે પગથીએ કાન્તાબેન, પુષ્પાબેન, જયશ્રીબેન મોતીવાળાએ ઘઉંળી કરી વંદના કર્યા. દાદર ચડ્યા બાદ ભાનુબેન નગીનદાસે ઘઉંળી કરી વંદન કર્યા.

ગુરૂ દેવના જયનાદ સાથે પ. પૂ. આચાર્ય દેવે સભામાં પ્રવેશ કર્યો. વિશાળ હોલ સુવ્યવસ્થીત પુસ્તકોના કબાટો વિગેરે જોઇ તેઓશ્રી ખુબ જ પ્રભાવીત થયા.

પાટ ઉપર બીરાજમાન થયા બાદ મંગળા ચરણ સંભાળાવ્યું. ત્યારબાદ સભાના મંત્રીશ્રી હિંમતલાલ અનોપચંદ મોતીવાળાએ સભાની ૯૮ વર્ષ પુર્વે થયેલ સ્થાપનાથી આજ દિન સુધીનો સંક્ષીપ્તમાં અહેવાલ આપ્યો તથા શતાબ્દી નજીક આવે છે તે અંગેની જાણ કરી શતાબ્દી વર્ષ દરમ્યાનના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી.


પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય ઇન્દ્રદિન્નસૂરીશ્વરજીએ પોતાના પ્રવચનમાં કહ્યું કે પ.પૂ.આચાર્ય દેવેશ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ સ્થાનકવાસી સંપ્રદાયમાં વર્ષો સુધી રહ્યા તે દરમ્યાન તેઓશ્રીએ ૩૨ આગમો કંઠસ્થ કરેલ, તે આગમોમાં મૂર્તિ પૂજાના શ્લોકો પણ આવતા હતા. મુર્તિપૂજક સમુદાય તરફ તેમનો ભાવ વધ્યો અને ૧૭ સાધુઓ સાથે સ્થાનકવાસી સંપ્રદાયમાંથી વિધીસર પ. પૂ. ગુરૂભગવંત બુટેરાયજી પાસે શ્વેતાંબર સમુદાયમાં જોડાયા.

તેઓશ્રીએ ભાવનગરમાં પણ ૯૯ વર્ષ પુર્વે ચાતુર્માસ કરેલ અને તેઓશ્રીના નામેથી આ સંસ્થા આજ પર્યંત સુંદર રીતે ચાલે છે તે બદલ સંતોષ વ્યક્ત કર્યો અને આજ પ્રમાણે ચાલ્યા કરે અને ખુબ જ પ્રગતિ કરે તેવા આશીર્વાદ આપ્યા.

પ. પૂ. ઉપાધ્યાયજી મહારાજ વિરેન્દ્ર વિજયજીએ પણ પ્રાસંગિક વ્યાખ્યાન આપ્યું હતું.

સારી સંખ્યામાં સાધ્વીજી મહારાજ સાહેબો તથા આપણી સભાના મેંબરો તથા અન્ય ભાઇ બહેનો મોટી સંખ્યામાં ગુરૂદેવને સાંભળવા ઉપસ્થીત હતા.

પ્રભાવના રૂ. ૧–૦૦ની થઈ હતી.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભાના શતાબ્દી મહોત્સવ પ્રારંભ સાથે સૌ પ્રથમ વખત ભાવનગરમાં પ. પૂ. આચાર્યદેવેશ શ્રી વિજય ઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મ. સા.ની શુભ નિશ્રામાં

# 卐 સંક્રાન્તી મહોત્સવ 卐



ભાવનગરને આંગણે દાદા સાહેબ આરાધના હોલમાં શ્રી સંઘની વિનંતીથી ભવ્ય સંક્રાન્તી મહોત્સવ તા. ૧૨-૨-૯૪ શનીવારના રોજ ઉજવાયો હતો.

પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય ઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ.સા. તથા ઉપાધ્યાયજી શ્રી વિરેન્દ્ર વિજયજી મ. સા. આદિ મુની ભગવંતો ભાવનગર શ્વે. મૂ. તપા. જૈન સંઘની વિનંતીનો સ્વીકાર કરી પાલીતાણાથી ભાવનગર પધાર્યા. સૌ પ્રથમ ભાવનગરના પ્રવેશ દ્વાર સમા શાસ્ત્રીનગર દેરાસરે દર્શન કરી શાસ્ત્રીનગર ઉપાશ્રયે બીરાજમાન રહ્યા. ત્યારબાદ નૂતન ઉપાશ્રયે બીરાજમાન રહ્યા.

શ્રી જૈન આત્માનંદ સભાના કાર્યવાહકોની વિનંતીનો સ્વીકાર કરી આચાર્ય ભગવંત વિજય ઈન્દ્રદિન્નસૂરીજી મ. સા. તથા પ. પૂ. ઉપાધ્યાયજી વિરેન્દ્ર વિજયજી મ. સા. આદિ મુની ભગવંતો આત્માનંદ સભામાં તા. ૬-૨-૯૪ ને રવીવારના રોજ બપોરે ૩-૦૦ વાગે પધાર્યા હતા. વિશાળ જન સમુદાય તેઓશ્રીને સાંભળવા સમયસર ઉપસ્થિત થયો હતો.

પ્રારંભમાં સભાના મંત્રી શ્રી હિંમતલાલ અનોપચંદ મોતીવાળાએ સભાનો અહેવાલ રજુ કર્યો અને સભાને ૯૮ વર્ષ જ્ઞાન ગંગા વહેવરાવતા થયા છે અને **શતાબ્દી** નજીક આવે છે તો તેનો મંગળ પ્રારંભ પ. પૂ. આચાર્ય શ્રી વિજયઇન્દ્રદિન્નસૂરીજીની તારક નિશ્રામાં સંક્રાન્તી મહોત્સવ સમયે વિધીવત જાહેર કરવા ઇચ્છા પ્રદર્શીત કરી. પ. પૂ. આચાર્યશ્રીએ વિનંતીનો સ્વીકાર કર્યો અને તેમના શુભ આશીર્વાદ સાથે આ પ્રસંગ ઉજવાય તેમાં સંપૂર્ણ માર્ગદર્શન તથા સહકાર આપશે તેવી ખાત્રી ઉચ્ચારી હતી.

આ સમયે આપણી સભા દ્વારા "તીર્થંકર ચરીત્ર" સચીત્ર ( ગુજરાતી ) નું પુનઃ પ્રકાશન જે શાસનસમ્રાટ સમુદાયના પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય નયપ્રભસૂરીજી હાલ દક્ષીણ ભારતની ભુમિ પાવન કરી રહ્યા છે તેમના આશીર્વાદથી પ્રકાશીત થવાનું છે તેનો ખ્યાલ આપેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજસ્થાન, ઉત્તર ભારત, પંજાબમાં વસતા આપણા સાધર્મિકોને પણ ઉપયોગી થાય તેવો "તીર્થંકર ચરીત્ર" સચીત્ર હિંદીમાં પણ પ્રગટ કરવા ઇચ્છા પ્રદર્શીત કરી અને આ કઠીન હિન્દી અનુવાદનું કાર્ય જે ખુબ જ અભ્યાસ અને મહેનત માંગી લે તેવું હતુ અને તે કાર્ય માટે સભાને યોગ્ય વ્યક્તિ મળી નથી તેમ ધ્યાન ઉપર મૂકતા પ. પૂ. આચાર્ય દેવેશ વિજય ઇન્દ્રદિન્નસૂરીજીએ આ કાર્ય સાધુ ભગવંતોનું છે અને તેઓશ્રીના સમુદાયના સાધુ ભગવંત ઉપાધ્યાજી મહારાજ વિરેન્દ્ર વિજયજી કરી આપશે તેવી ખાત્રી આપી.

સભા તરફથી ગુજરાતી અને હિન્દી બન્ને તીર્થંકર ચરીત્ર સચીત્ર કે જેમાં ચોવીશે તીર્થંકર પરમાત્માના પ્રત્યેક ભવ સંક્ષીપ્તમાં વર્ણવવામાં આવ્યા છે અને તેમાં તીર્થંકર પરમાત્માના રંગીન ફોટા સાથે યક્ષ, યક્ષીણી, લંછન, સ્તુતિ તથા નિવાર્ણ ભુમી દર્શનાર્થ છપાશે. સાથે મહાવીર સ્વામી ભગવાનના પ્રથમ ગણધર અનંત લબ્ધિ નિધાન ગૌતમ સ્વામીનો ફોટો છપાશે. ભગવાનના પંચ કલ્યાણક પણ છપાશે તથા સાથે ગુરૂ ભગવંતોના ફોટા પણ છપાશે.

આ ગ્રંથો પ્રત્યેક કુટુંબમાં વસાવવા માટે ખુબ ઉપયોગી રહેશે.

વિદેશમાં વસતા આપણા સાધર્મિકો કે જેમાં મોટા ભાગના અંગ્રેજી માધ્યમથી ભણેલા છે તેને પણ ઉપયોગી થાય તેવો અંગ્રેજી અનુવાદ સાથે પણ ગ્રંથ સાનુકુળતા પ્રાપ્ત થતા પ્રકાશીત કરવાની ભાવના છે. ચતુર્વિધ સંઘના સહકારથી આ કાર્ય પણ શતાબ્દી વર્ષ મહોત્સવ દરમ્યાન થશે.

તા. ૧૨-૨-૯૪ ને શનિવારના રોજ દાદા સાહેબમાં સવારે ૭-૦૦ વાગ્યાથી સંક્રાન્તી મહોત્સવ આરાધના હોલમાં શાસનસમ્રાટ સમુદાયના આચાર્ય દેવેશ વિજય દેવસૂરીશ્વરજી મહારાજની તારક નીશ્રામાં તથા પ.પૂ. આચાર્ય દેવ વિજય હેમચંદ્ર સૂરીજીની ઉપસ્થિતીમાં શ્રી સંઘની વિનંતીથી ભાવનગરને આંગણે ૪૩ વર્ષ બાદ પધારેલ આચાર્ય શ્રી વિજય ઇન્દ્રદિન્નસૂરીજીની નીશ્રામાં ઉત્સવ શરૂ થયો.

આ પ્રસંગે ગુરૂ ભક્તો રાજસ્થાન, પંજાબ, ઉત્તર ભારત, મુંબઈ, અમદાવાદ, મદ્રાસ આદિ સ્થળોએથી પધારેલ હતા. આ અનેરો ઉત્સવ ભાવનગરને પ્રથમવાર માણવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. વિશાળ સાધુ સાધ્વી સમુદાય અને શ્રાવક શ્રાવીકાઓની હાજરી હતી.

પ્રથમ આચાર્ય દેવ વિજય દેવસૂરીએ મંગળાચરણ કર્યું અને આચાર્ય દેવ વિજય હેમચંદ્ર સૂરીજીએ વિશાળ સંખ્યામાં ગુજરાત બહારના મહેમાનોની હાજરી લક્ષમાં લઈ તેઓશ્રીની આગવી શૈલીથી **હિંદી** ભાષામાં પ્રવચન આપ્યું અને સંક્રાન્તી મહોત્સવ અંગેની સમજ આપી હતી ૪૨ વર્ષ પુર્વે શંખેશ્વરજી તીર્થમાં પ. પૂ. આચાર્ય વિજય વલ્લભસૂરીની નીશ્રામાં ઉજવાયેલ સંક્રાન્તી મહોત્સવમાં ઉપસ્થીત હતા. આજે ૪૨ વર્ષ પછી આચાર્ય ઇન્દ્રદિન્ન સૂરીજીની નિશ્રામાં આ સંક્રાન્તી મહોત્સવમાં ભાગ લેવાનું નિમિત્ત પોતાને સાંપડયું તેની ધન્યતા અનુભવી હતી.

તેઓશ્રીએ "**સંક્રાન્તી**" એટલે શું ? એ બાબતે સમજાવ્યું કે ગુજરાતમાં પ્રત્યેક માસ શુદ ૧ બેસતા મહીનાથી શરૂ થાય છે. આ દિવસ આપણે વધુ પવિત્ર માનીએ છીએ. તેવી રીતે પંજાબમાં જે દિવસે સૂર્ય રાશી બદલે તે દિવસથી માસનો પ્રારંભ થાય છે. સૂર્ય વર્ષમાં ૧૨ વખત રાશી પરીવર્તન કરે છે. સૂર્ય એક રાશીમાં ૧ માસ રહે છે, ત્યારબાદ રાશી બદલે છે. આ પ્રસંગ પ્રત્યેક અંગ્રેજી મહીનાની તારીખ ૧૨ થી ૧૭ વચ્ચે આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સંક્રાન્તીના દિવસે ગુરૂ સ્તુતીઓ, ગુરૂજીના ગુણાનુવાદ થાય છે અને ગુરૂ ભગવંત નવકાર, ઉવસ્સગહરં સ્તોત્ર, સંતીકરમ સ્તોત્ર, નાની શાન્તી તથા મોટી શાન્તી સ્તોત્ર સંભળાવે છે અને માસની મંગળ શરૂઆતની જાહેરાત કરે છે.

આ પ્રસંગે આપણી સભાના મંત્રીએ સભાનો ૯૮ વર્ષનો ઇતિહાસ ટુંકમાં રજુ કરી **શતાબ્દી ઉત્સવ**નો પ્રારંભ આચાર્ય ભગવંતોની નિશ્રામાં તથા તેઓશ્રીના આશીર્વાદથી આ સભા ૧૦૦ વર્ષ પુરા થાય તે દરમ્યાન ૨૧ ગ્રંથો પ્રકાશીત કરવાની જાહેરાત કરી તથા સભાએ સંકલ્પ કરેલ છે કે આ શતાબ્દિ દરમ્યાન ૧૦૧ પેટ્રન મેંબર તથા ૧૦૦૧ લાઇફ મેંબર કરી સભાનો પરીવાર મોટો કરવો.

પેટ્રન ફી રૂ. ૧૦૦૧/- અને લાઇફ મેંબર ફી રૂ. ૨૫૧ છે.

પ્રત્યેક પેટ્રન અને લાઇફ મેંબરને પ્રતી માસ સભા દ્વારા પ્રગટ થતું ' આત્માનંદ પ્રકાશ ' માસીક મોકલાય છે અને અનુકુળતા મુજબ ભેટ પુસ્તકો પણ મોકલાવાય છે. તેમાં ટુંક સમયમાં હિંદી વિભાગ શરૂ થશે.

પરમ પૂજ્ય આચાર્યદેવ વિજય ઇન્દ્રદિન્ન સૂરીજીએ આવેલ મહેમાનોને આ સભાના પેટ્રન થવા ભલામણ કરી અને તુરત જ આ પ્રતીસાદ ઝીલી લઇને લગભગ ૨૫ પેટ્રનો નોંધાઇ ગયા છે. ખુબ સુંદર સહકાર સાંપડેલ છે.

પ્રત્યેક મેંબર સાહેબોને વિનંતી કે આપ આપના કુટુંબ, સ્નેહિ, મિત્ર વર્તુલમાં આ સભાના પેટ્રન અથવા લાઇફ મેંબર થવા ભલામણ કરે. આ લાભ ભાઈઓ તથા બહેનો લઇ શકે છે. તો આપ આ જ્ઞાનની સંસ્થાને મદદ રૂપ થઇ સભ્ય સંખ્યા વધારવામાં ઉપયોગી થશો એજ અભ્યર્થના....

જૈનં જયતિ શાસનમ્

## શ્રી તીર્થંકર ચરીત્ર ( સચીત્ર )

આપણી સભા દ્વારા ચોવીશે તીર્થંકર પરમાત્માના દરેક ભવોનું સંક્ષિપ્ત ચરીત્ર તથા દરેક પરમાત્માના વર્ણ પ્રમાણે રંગીન ફોટાઓ કે જેમાં દરેક પ્રભુના યક્ષ-યક્ષીણી, લંછન તથા નિર્વાણ ભુમી તીર્થ તથા ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ સાથે પ્રકાશન કરવાનું નક્કી કરેલ છે. આ ગ્રંથ શાસનસમ્રાટ્ આચાર્ય ભગવંત શ્રી વિજય નેમીસૂરીશ્વરજી સમુદાયના આચાર્યદેવ શ્રી વિજય મોતીપ્રભ-સૂરીશ્વરજીના શિષ્ય હાલ દક્ષીણ ભારતમાં ધર્મધ્વજા ફરકાવનાર, આચાર્યદેવ શ્રી નયપ્રભસૂરીશ્વરજીના સદ્ઉપદેશથી પ્રકાશીત **થશે.**

ઉત્તર ભારત અને રાજસ્થાન આદિ પ્રદેશોમાં પણ ઉપયોગી થાય તેવો ગુજરાતીનો હિંદિ અનુવાદ કરી ફોટાઓ વિગેરે ઉપર પ્રમાણે મુકી આચાર્યદેવેશ શ્રી વિજયાનંદસૂરીશ્વરજીના પટ્ટધર શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજીના શિષ્ય આચાર્યદેવ શ્રી સમુદ્રસૂરીશ્વરજીના શિષ્યરત્ન શ્રી જૈન દિવાકર પરમાર ક્ષત્રીયોદ્ધારક આચાર્ય શ્રીમદ્ વિજય ઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજ સાહેબના સદ્ઉપદેશ-સહાયથી પ્રકાશીત કરવામાં આવશે. આ હિંદિ ભાષાંતર પૂ. આચાર્યદેવશ્રીના વિનિત શિષ્ય ઉપાધ્યાયજી શ્રી વિરેન્દ્રવિજયજી મહારાજ સાહેબ કરી રહ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્માને–ચેતનને ચેતવણી

ચેતનજી ચેતો, કોઇ ન દુનિયામાં તારૂં;
મિથ્યા માને છે મારૂં મારૂં રે....ચેતનજી ચેતો૦ ૧
લાખ ચોરાશીમાં વાર અનંતી,
દેહ ધર્યા દુઃખ પામી;
મળીયો માનવભવ હાર ન આતમ,
ઉદ્યમમાં રાખ નહિ ખામી; ચેતનજી ચેતો૦ ૨
કાયા રે બંગલો, મુસાફર જીવડો,
જોજે તું આંખને ઉઘાડી;
ઉચાળો અણધાર્યો ભરવો પડશે,
પડ્યા રહેશે ગાડી વાડી રે. ચેતનજી ચેતો૦ ૩
રામ રાવણ ને પાંડવ કૌરવ,
મૂકી ચાલ્યા સૌ માયા;
બની ઠણી શું ફુલી ફરે છે?
પડી રહેશે તારી કાયા રે. ચેતનજી ચેતો૦ ૪
માયા મમતા ને આળસ છાંડી,
આતમ ધ્યાન ધરે સુખકારી;
બુદ્ધિસાગર સદ્ ગુરૂ પ્રતાપે,
જીવ પામે ભવપારી રે. ચેતનજી ચેતો૦ ૫

સંપાદક–**રાયચંદ મગનલાલ શાહ**

# શોકાંજલિ

શ્રી ત્રીભોવનદાસ મેઘજીભાઇ શાહ ઉ. વ. ૮૨ (ભારત સ્ટેશનરી માર્ટવાળા) તા. ૨૫-૧૨-૯૩ ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. ધાર્મીક વૃતિવાળા અને મીલનસાર સ્વભાવનાં હતા. ખુબ જ માયાળુ અને પ્રેમાળ હતા. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેમના આત્માને પરમ કૃપાળુપરમાત્મા શાન્તી આપે તેવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

લી.
શ્રી જૈન આત્માનંદ સભા–ખાર ગેઇટ, ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધન પર ધર્મનો અંકુશ જરૂરી

( જીવન જાગૃતિમાંથી )

મારા એક મિત્ર પાસે મોટર, બંગલો, નોકર–ચાકર હોવા છતાં તેમને ભૂખ લાગતી નથી, ઊંઘ આવતી નથી અને ઊંઘની ગોળી લેવી પડે છે.

બીજા એક મિત્રની તંદુરસ્તી સારી છે, ધનદોલત છે, પણ પુત્રો વિનયવાન, સંસ્કારી ન હોવાથી તેને સુખ નથી. સરકારી ટેકસ બચાવે છે અને ધાડ પડવાની બીક રહ્યા કરે છે.

કરોડો નરનારીઓ રોટી, કપડાં, મકાન જેવી જીવનજરૂરી ચીજોના અભાવથી દુઃખી છે ઊંઘ આવે છે પરંતુ ઝૂંપડીમાં વરસાદનું પાણી આવે છે, તેથી સૂઈ શકાતું નથી.

મધ્યમ વર્ગવાળાને દાળ રોટી મળી રહે છે પરંતુ ઘર નાનું લાગે છે, ધન ઓછું પડે છે તે વિચારથી દુઃખી છે.

દુઃખનું કારણ ધનદોલત નથી પણ માનસિક સ્થિતિ છે. મનની તૃષ્ણાથી દુઃખ છે અને સંતોષથી સુખ છે. તૃષ્ણાની કદી પૂર્તિ થતી નથી. ભગવાન મહાવીર કહે છે કે અનંત આકાશની જેમ તૃષ્ણાનો કોઇ અંત નથી.

સુખદુઃખ મનની સ્થિતિ છે. કોઇ વ્યક્તિ ઘણી સુવિધા હોવા છતાં બીજા પાસે વધુ છે માટે પોતાને દુઃખી માને છે. બીજો માણસ ઓછી સુવિધા હોવા છતાં સંતોષ રાખી પોતાને સુખી માને છે.

વૃદ્ધો પાસે આજની અપેક્ષાએ ભૌતિક સાધનો ઓછાં હોવા છતાં સંયમ અને ત્યાગની ભાવનાથી સુખી હતા. સાધનસંપન્ન શેઠ પણ ખાવા, પીવા, પહેરવામાં મર્યાદા રાખતા હતા. આજે કોઇને પોતાની સ્થિતિથી સંતોષ નથી. ભોગોપભોગનાં સાધનો મળવા છતાં વધુ માટે લાલસા રાખી દુઃખી થાય છે.

ગૃહસ્થને ધનદોલત જરૂરી છે. પરંતુ તેણે ધન કમાવવામાં અધર્મ ન આચરવો જોઇએ કે ધન અધર્મના કામમાં વાપરવું ન જોઇએ.

જો સંયમ રાખે, સાદાઇ રાખે અને સંતોષ રાખે તો માણસ સુખી થાય. ભૌતિક સાધનો, ભોગની સામગ્રી અને ધન વધવાથી દુઃખી થવાય છે. જો આટલો વિવેક જાગ્રત થઇ જાય તો માણસને સુખ ને સુખ જ છે. ધન પર ધર્મનો અંકુશ હોવો જરૂરી છે. 卐

## માણસાઈ મરવા પડી છે...

માણસાઈ આજે તો મરવા પડી છે.
ઓકિસજન ઉપર જીવી રહી છે
જાણે છેલ્લાં ડચકાં ખાઇ રહી છે.
ને આપણે સ્વાર્થાંધ બનીને
એની ઉપેક્ષા કરી રહ્યા છીએ !
કેવી કરુણતા !
માણસ તરીકે જન્મ્યા છીએ તો
માણસ તરીકે જીવવાનું મન નથી થતું ?

## માણસાઇનો દુષ્કાળ દૂર કરીએ

માણસાઈનો દુષ્કાળ દૂર કરવો છે ?
તો તમે જાતે જ
સારા માણસ બનવાનો આગ્રહ રાખો.
તમારાં બાળકોને
સારા માણસ બનવાના સંસ્કાર આપો.
સૌ સાથે એવી રૂડી માણસાઇથી વર્તો કે
બીજાને પણ સારા માણસ બનવાનું અને
સૌ સાથે માણસાઇથી વર્તવાનું મન થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભારતમાં સેવાપ્રવૃત્તિ કરવાની અમેરિકાના જૈનસમાજની ધગશ

(લેખક : ડૉ. કુમારપાળ દેસાઇ)

અનેકવિધ માનવસેવા કરતાં અનુકંપા ટ્રસ્ટ દ્વારા અમદાવાદના ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધન ભવનમાં સમગ્ર જૈન સમાજની ઉપસ્થિતિમાં એક વૈચારિક ગોષ્ઠિનું આયોજન થયું. અમેરિકાનાં જૈન ફેડરેશનના વર્લ્ડ કોમ્યુનિટી સર્વિસના ચેરમેન ડૉ. ધીરજ શાહ સાથે યોજેલા આ કાર્યક્રમની ભૂમિકા સમજાવતાં અનુકંપા ટ્રસ્ટના ટ્રસ્ટી ડૉ. કુમારપાળ દેસાઇએ જણાવ્યું કે ભારત અને અમેરિકા વચ્ચે આદાન–પ્રદાનનો સેતુ રચાય એ આનો ઉદ્દેશ છે. ભારત પાસેથી સંસ્કારધર્મ કે અધ્યાત્મ જેવી બાબતો અમેરિકાને મળે અને અમેરિકા પાસેથી અહીંના પીડિતોને સહાય અને ડોકટરી સારવાર મળે તેમ છે.

ડૉ. ધીરજ શાહે અમેરિકામાં જૈન સમાજ દ્વારા ચાલતી સમાજસેવાની પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરતાં કહ્યું કે અમે જાતિ, રંગ કે દેશના ભેદ વિના બધે જ સહાય કરી રહ્યા છીએ. ગયે વર્ષે અને આ વર્ષે પણ અમેરિકાથી ચાલીશ જેટલા ડોકટરો પોતાના ખર્ચે અને પોતાના સાધનો સાથે કચ્છમાં પંદર દિવસનો મેડિકલ કેમ્પ કરે છે. અત્યાર સુધી અમેરિકામાં મંદિર, દેરાસર કે યહુદીઓનું સિનાગોગ બાંધવું હોય તો સીટી કાઉન્સિલની પરવાનગી લેવી પડતી હતી અને તેઓ શિખર ન હોય કે ધજા ફરકતી ન હોય તેવો આગ્રહ રાખતા હતા. તેની તરફેણમાં અમેરિકાની સુપ્રિમ કોર્ટે ચુકાદો આપ્યો હતો, પરંતુ જૈન સમાજે આ ધાર્મિક અધિકાર ગણીને અમેરિકાની સેનેટમાં કાયદો પસાર કરાવ્યો, જેના પર તાજેતરમાં જ બીલ ક્લીન્ટને મંજુરીની મહોર મારી છે. અમેરિકાના મોટા ભાગના શહેરોના મેયરો પાસે બીજી ઓકટોબરનો દિવસ "અહિંસા દિવસ" તરીકે જાહેર કરાવ્યો છે. આ દિવસોએ જુદા જુદા ભોજનગૃહોમાં શાકાહારી વાનગીઓ લઇને લોકોને પીરસવામાં આવે છે. 'થેંક્સ ગીવીંગ ડે'ના દિવસે અમેરિકાના પ્રમુખ બીલ ક્લીન્ટનને મોટી ટર્કી અપાતી હતી જે વ્હાઇટ હાઉસના કીચનમાં જતી હતી. એ ટર્કી આ સમાજના અનુરોધથી હવે પ્રમુખ સ્વીકારે છે ખરા, પણ તરત જ ઝૂમાં મૂકવામાં આવે છે. ભારતના પ્રત્યેક રાજ્ય નહિ પણ જિલ્લાઓમાંથી આવેલા ડોકટરો અમેરિકામાં પ્રેકિટસ કરે છે તે લોકો પોતાના મૂળ વતનમાં જઇને સેવા કરે તેવું પણ આયોજન કર્યું છે.


આ પ્રસંગે પ્રમુખ શ્રી શ્રેણિકભાઇએ કહ્યું કે લોકો ભલે કહેતા હોય કે કળિયુગ ખરાબ છે. પરંતુ આજે ઘણી સારી બાબતો બની રહે છે. અમેરિકામાં જૈનોની સેવાભાવનાને હું ધન્યવાદ આપું છું.

અતિથીવિશેષ અને 'ગુજરાત સમાચાર'ના તંત્રી શ્રી શાંતિભાઇ શાહે કહ્યું કે આજે વિદેશોમાં જૈન ધર્મની અનેકવિધ સુંદર પ્રવૃત્તિઓ થઇ રહી છે અને હવે એ જૈનો ભારત તરફ પોતાની મદદનો હાથ લંબાવે છે તે આનંદની ઘટના છે. અમેરિકામાં વસતા લોકોએ અહીંથી જતાં

For Private And Personal Use Only

વિદ્યાર્થીઓને રહેવાની અને સ્થાયી થવામાં મદદ કરવી જોઇએ તેમજ અમેરિકા જેવા પ્રગતિશીલ દેશમાં અનુભવ મેળવવા માટે અહીંથી તેજસ્વી માણસોને લઇ જવા જોઇએ. જૈન સમાજ હંમેશા દાન કરવામાં અને સાધર્મિકોને સહાય કરવામાં મોખરે રહ્યો છે અને તેથી જ હવેના સમયમાં બંને દેશો વચ્ચે જ્યારે સંપર્ક વધ્યો છે ત્યારે પરસ્પર સહાયના અનેક ક્ષેત્રો ખૂલ્યા છે.

આ પ્રસંગે જાણીતા માનવતા પ્રેમી શ્રી મફતલાલ મહેતાએ અને શ્રી યુ. એન મહેતાએ પણ વક્તવ્ય આપ્યું હતું. 卐



# સભાના ઉપપ્રમુખ શ્રી નગીનદાસ હરજીવનદાસ શાહનું દુઃખદ નિધન....

શ્રી જૈન આત્માનંદ સભાના માનનીય ઉપપ્રમુખ **શ્રી નગીનદાસ હરજીવનદાસ શાહનું** તા. ૬-૩-૯૪ ને રવીવારે મળસ્કે ૭૧ વર્ષની વયે દુઃખદ નિધન થતા **શ્રી જૈન આત્માનંદ સભાની** એક વ્યવસ્થાપક સમિતીની મીટીંગ તા. ૭-૩-૯૪ના રોજ તેઓશ્રીને શોકાંજલી અર્પવા મળી હતી. તેમાં પ્રમુખશ્રીએ નીચે મુજબ શોક ઠરાવ રજુ કર્યો હતો તે સર્વ હાજર સભ્યોએ બે મીનીટનું મૌન પાળી સર્વાનુમતે પસાર કર્યો હતો.

**'ઠરાવ'**

આપણી સભાના સદા કાર્યરત એવા ઉપપ્રમુખશ્રી નગીનદાસભાઇ હરજીવનદાસ શાહનું સં. ૨૦૫૦ મહા વદ ૯ તા. ૬-૩-૯૪ રવીવારે મળસ્કે દુઃખદ નિધન થતાં આપણી સભાના સૌ મેંબરોને ઉંડો આઘાત થયો.

તેઓશ્રી આ સભાની કાર્યવાહિમાં પચાસ ( ૫૦ ) વર્ષથી સુંદર સેવા આપી રહ્યા હતા. સભાના માસિકના પ્રકાશનમાં ખુબ જ મહેનત લેતા હતા. લાયબ્રેરીના પ્રત્યેક વિભાગથી તેઓ સુપરીચિત હતા અને જ્યારે જ્યારે ગુરૂ ભગવંતોને પુસ્તકોની જરૂર પડે ત્યારે તેઓ તે દરેક પુસ્તકો શોધી આપતા હતા અને લાયબ્રેરી વ્યવસ્થીત કરવામાં તેઓ ઉંડો રસ લઇ રહ્યા હતા.

આવા કર્મનીષ્ઠ સહકાર્યકર એવા શ્રી નગીનભાઇના નિધનથી આપણી સભાને ભારે મોટી ખોટ પડી છે. તેઓશ્રીના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં આજની સભા ઉંડી સમવેદના જાહેર કરે છે.

પરમાત્મા સદ્દ્ગતના આત્માને ચિર શાન્તી આપે તેવી પ્રાર્થના.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સભાના નવા આજીવન સભ્યશ્રીઓ ( અનુસંધાન ટાઇટલ પેઈજ ૨ થી શરૂ )

| | | | |
|---|---|---|---|
| ૬. | ,, | કીરીટકુમાર મહીપતરાય શાહ | ભાવનગર |
| ૭. | ,, | વસ્તુપાળ કુંવરજીભાઈ શાહ | ,, |
| ૮. | ,, | સુર્યકાન્ત રતીલાલ શાહ (ખાંડવાળા) | ,, |
| ૯. | ,, | રશેશભાઈ મહાસુખરાય શાહ | ,, |
| ૧૦. | ,, | દીવ્યકાન્ત મોહનલાલ સલોત | ,, |
| ૧૧. | ,, | શાન્તિલાલ જાદવજીભાઇ શાહ (ટાણાવાળા) | ,, |
| ૧૨. | ,, | ઉપેન્દ્રભાઈ જયંતિલાલ શાહ | ,, |
| ૧૩. | ,, | લલીતકુમાર હરજીવનદાસ કામદાર | ,, |
| ૧૪. | શ્રીમતિ | જ્યોતિબેન લલીતકુમાર કામદાર | ,, |
| ૧૫. | શ્રી | હરેન્દ્રભાઈ વિનયચંદ શાહ | ,, |
| ૧૬. | ,, | જસવંતરાય કાન્તિલાલ વોરા | ,, |
| ૧૭. | ,, | ભરતકુમાર ચીમનલાલ વોરા | ,, |
| ૧૮. | ,, | બળવંતરાય અનોપચંદભાઇ (મોતીવાળા) | ,, |
| ૧૯. | ,, | હર્ષદરાય અમૃતલાલ સલોત | ,, |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યાત્રા પ્રવાસ

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સં. ૨૦૫૦ના પોષ શુદ ૪ ને રવિવાર તા. ૧૬-૧-૯૪ ના રોજ ઘોઘા શ્રી નવખંડા પાર્શ્વનાથજીનો યાત્રા પ્રવાસ રાખવામાં આવેલ હતો. આ યાત્રા વખતે કારતક માસની ડેમની તથા માગસર માસની ઘોઘાની સંયુક્ત રાખવામાં આવેલ હતી. તેમા નીચેના દાતાશ્રીઓની વ્યાજની રકમમાંથી ગુરૂભક્તિ તથા સ્વામીભક્તિ કરવામાં આવી હતી. તેમજ શ્રી ઘોઘા નવખંડા પાર્શ્વનાથ દાદાના રંગ મંડપમાં સભા તરફથી પાર્શ્વનાથ પંચકલ્યાણક પુજા સંગીતકારની મંડળી સાથે ભવ્ય રાગ રાગીણી પુર્વક ભણાવવામાં આવી હતી. સભાના સભ્યશ્રી ભાઈઓ તથા બ્હેનો સારી એવી સંખ્યામાં હાજર રહ્યા હતા અને ખુબ જ ધામધુમ આનંદ ઉલાસ સાથે પ્રોગ્રામ પૂર્ણ થયો હતો.

## ... દાતાશ્રીઓની યાદી ...

| | | |
|---|---|---|
| ૧ | શેઠશ્રી પ્રેમચંદ માધવજીભાઇ દોશી | દાતાશ્રીઓ ડેમની યાત્રામાં |
| ૨ | શેઠશ્રી અમૃતલાલ રતીલાલ સલોત | ,, |
| ૩ | શેઠશ્રી નાનાલાલ કુંવરજીભાઈ શાહ | ,, |
| ૪ | શેઠશ્રી ખાન્તિલાલ રતીલાલ શાહ ( ભદ્રાવળવાળા ) | ,, |
| ૫ | શેઠશ્રી મણીલાલ ફુલચંદભાઇ શાહ | ,, |
| ૬ | શેઠશ્રી કાન્તિલાલ લવજીભાઈ શાહ ( ટોપીવાળા ) | ઘોઘાની યાત્રાના દાતાશ્રીઓ |
| ૭ | શેઠશ્રી ખીમચંદભાઇ પરશોતમદાસ શાહ ( બારદાનવાળા ) | ,, |
| ૮ | શેઠશ્રી રસીકલાલ છોટાલાલ સંઘવી | ,, |
| ૯ | શેઠશ્રી રમણીકલાલ માણેકચંદ શાહ ( નાણાવટી ) | ,, |
| ૧૦ | શેઠશ્રી રતીલાલ ગોર્વીદજીભાઈ ( સોપારીવાળા ) | ,, |

# શોકાંજલિ

શિહોરનિવાસી હાલ ભાવનગર શ્રી ચુનીલાલ રતીલાલ સલોત ઉ. વ. ૮૦ તા. ૬-૧-૯૪ ગુરૂવારના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી સભાના આજીવન સભ્યશ્રી હતા અને યાત્રા પ્રવાસમાં દાતાશ્રી હતા. ધાર્મીક વૃત્તિવાળા, મીલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેમના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાન્તી આપે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

લી.

શ્રી જૈન આત્માનંદ સભા - ખાર ગેઈટ, ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) ફોર્મ-૪ નિયમ-૮ પ્રમાણે "શ્રી આત્માનંદ પ્રકાશ" સંબંધમાં નીચેની વિગતે પ્રગટ કરવામાં આવે છે.**

: પ્રસિદ્ધિ સ્થળ :
શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર

: પ્રસિદ્ધિ ક્રમ :
દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ

: મુદ્રકનું નામ :
સાધના મુદ્રણાલય,
: કયા દેશના : ભારતીય
: ઠેકાણું :
દાણાપીઠ પાછળ, ભાવનગર ૩૬૪ ૦૦૧

: પ્રકાશકનું નામ :
શ્રી જૈન આત્માનંદ સભા વતી,
પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
: કયા દેશના : ભારતીય
: ઠેકાણું :
શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર

: તંત્રીનું નામ :
શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
: કયા દેશના : ભારતીય
: ઠેકાણું :
શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર

: સામાયિકના માલીકનું નામ :
શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

આથી હું પ્રમોદકાન્ત ખીમચંદ શાહ જાહેર કરૂં છું કે ઉપરની આપેલી વિગતો અમારી જાણ તથા માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬-૩-૯૪

**પ્રમોદકાન્ત ખીમચંદ શાહ**

પ્રતિ

BOOK-POST

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય દાણાપીઠ પાછળ, ભાવનગર

For Private And Personal Use Only